


# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

**June 2025 | Issue No. 67 | A monthly newsletter**

"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## એક માતાથી 'ચેન્જ મેકર' સુધીની પ્રેરણાદાયી સફર



સ્વ અનુભવથી આવેલ જાગૃતતા વ્યક્તિને માત્ર પોતાના પુરતી નહિ પણ સમુદાય માટે પણ મારી ભૂમિકા છે તે વિચારવા માટે પ્રેરક સ્ત્રોત બનતી હોય છે. અહી એવા જ એક માતાની વાત કરવી છે જેને પોતાની દિકરીમાં આવેલ હકારાત્મક બદલાવની સફરમાં પોતાને પણ બદલી છે. સમુદાય માટે મારી પણ જવાબદારી છે તેવી પ્રતિબદ્ધતા કેળવી છે.

એમની ચેન્જ મેકર બનવાની પ્રક્રિયાની વચ્ચે અનેક અનુભવો, સફળતા, નિષ્ફળતાને એમણે નજીકથી જોઈ છે. માત્ર ચાર વર્ષની દિકરી ક્યારેય બોલી નહિ શકે, ચાલી નહિ શકે એવી નકારાત્મક વાતોની સ્થિતિમાં 'પ્રયાસ તો કરી જોઈએ' એવી આશા સાથે એમની આ સફર શરૂ થઇ હતી.

પોતાની દિકરી માટે ધીરજ રાખી, મહેનત કરી અને ક્યારેય આશા ન છોડી. સમય જતા પોતાની દિકરીમાં બદલાવ આવ્યો ત્યારે એમને થયું કે, માત્ર મારી દિકરી નહિ, કેમ નહિ હું બીજા બાળકો માટે મારાથી જે થઇ શકે તે કરું? આર્થિક સ્થિતિ તો સારી ન હતી. પોતે ઘર-કામ ઉપરાંત, નાસ્તો બનાવવો, મહેંદી મુકવી, અન્ય નાના ગૃહ ઉદ્યોગથી પતિની સાથે ખભેખભા મિલાવી કાર્ય કરે. પરંતુ પોતાનો સમય તો ગમે તેમ કરીને ફાળવીને આપી જ શકાય ને? તો એ આપવા લાગ્યા. જયારે પણ પ્રભાત સેન્ટર પર મીટીંગ હોય , કોઈ ઉજવણી હોય તો તેની તૈયારી અને એ દિવસે બંનેમાં સહભાગિતા હોય. આ ઉપરાંત, કોઈ અન્યને પણ મદદ માટે કહી શકાય એવો વિચાર આવ્યો. તેથી જ તેમણે તેમના પતિ સાથે સંવાદ કર્યો અને કહ્યું કે, તેઓ પણ પોતાના મિત્ર વર્તુળમાં સેન્ટરમાં જે રીતે પણ મદદ કરી શકાય તેમ મદદ કરે. પોતાના સગા સંબંધીથી લઈને સમુદાયમાં તેમણે પ્રભાતના કાર્ય વિષે વાત કરી.



આ બધાને પરિણામે વ્યક્તિગત લોકો આવ્યા અને બાળકો માટે કોઈએ ભેટ આપી તો કોઈએ સેન્ટર માટે વસ્તુઓ આપી, અનાજની કીટનું વિતરણ વગેરે થઇ શક્યું છે. વળી આંગણવાડીમાં પણ બાળકોના પ્રવેશને લઈને તેમણે સંવાદો કર્યા છે. ત્યાંથી ન અટકતા બાળકોની નિયમિતતા રહે તે માટે પણ તે ફોલોઅપ કરતા રહે છે.

તેમનુ કહેવું છે કે, *"મેરે સે જો હો રહા હૈ વો મૈંને કિયા, જહાં અપને બચ્ચે કે લિયે ઇતના પ્રભાત કર રહા હૈ તો હંમે ભી કરના ચાહિયે. હમારે બચ્ચે સે હી તો યે સેન્ટર હૈ."* તેઓ માને છે કે કોઈ પણ બાળક દિવ્યાંગ છે તો તેને સમયસર અને યોગ્ય સારવાર મળે. તેમના અનુભવો અને કામ પરથી લાગે છે કે જો વ્યક્તિને કોઈ માટે કશુક પણ કરવું છે તો માત્ર દ્રઢ નિશ્ચય અને નિયત હોવી જોઈએ. પછી તે માટે દિશા તો મળતી જાય છે.

**તૈયાર કરનાર : જાગૃતિ બેન અને નીકુલ ભાઈ – સ્પેશયલ એજ્યુકેટર (બેરલ માર્કેટ )**

## કાર્યક્રમની ઝલક

**નવું વર્ષ, નવી આશા અને નવા ઉત્સાહ સાથે સેન્ટરની શરૂઆત** : પ્રભાત દરેક પ્રસંગની 'ઉત્સવ' ની જેમ ઉજવણી કરે છે. જેથી બાળકને, વાલીને અને ટીમને ઉત્સાહ અને ઉર્જા મળી રહે. નવા વર્ષમાં બાળકોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. સેન્ટરને સુશોભિત કરવામાં આવ્યું હતું. બાળકોને ફૂલ અને ચોકલેટ આપી બાળકોને આવકારવામાં આવ્યા. આ જોઇને બાળકો તો આનંદિત થઇ ગયા સાથે વાલી પણ અભિભૂત થઇ ગયા. વધુ ગાઢ સંબંધો, લાગણીઓ સાથે નવા વર્ષની શરૂઆત કરીને બાળકના વિકાસમાં એક ડગલું વધારે આગળ વધવાનો અહેસાસ અને જવાબદારી ટીમે અનુભવી હતી.

**નવા પ્રવેશ :** નવા વર્ષની શરૂઆતમાં પ્રભાતના સેન્ટર પર નવા બાળકોનું આગમન થયું છે. બેરલ માર્કેટ, વટવા સેન્ટર પર 11 નવા બાળકોએ પ્રવેશ લીધો છે. ઉમ્મીદ, ઉત્સાહ અને જવાબદારી સાથે પ્રભાતના પરિવારમાં તેમનો સમાવેશ થયો. આ બાળકો આંગણવાડી કાર્યકરો, હોસ્પિટલના ફિઝિયોથેરાપિસ્ટ અને માતાપિતા દ્વારા વિવિધ લોકોના સંદર્ભથી પ્રભાત સુધી પહોચ્યા છે. આ સંદર્ભની વિવિધતા પ્રભાતના આઉટરીચ પ્રયાસોની અસરકારકતા અને સમુદાયમાં તેની વધતી જતી દૃશ્યતા દર્શાવે છે.

**અસેસમેન્ટ** : નાનકડા વિરામ બાદ, ફરી પ્રભાત સેન્ટર પર નિશ્ચિત કરેલ કાર્યો અને પ્રવૃતિઓની શરૂઆત થઇ ગઈ છે. જેમાં વર્ષની શરૂઆતમાં થતા નિષ્ણાંત દ્વારા અસેસમેન્ટ મહત્વની પ્રક્રિયા છે. કારણ કે એના આધારે જ બાળકનો વ્યક્તિગત ગોલ નક્કી થાય છે. તથા ક્યાં પ્રકારની થેરાપી આપવાની છે તે નક્કી કરવામાં આવે છે. આ મહીને ભાઈપુરા સેન્ટર પર 41 બાળકોનું સાઇકોલોજીકલ અને સ્પીચ અસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. આગળ અન્ય સેન્ટર પર અસેસમેન્ટની પ્રક્રિયાનું આયોજન છે.



**વાલી મીટીંગ** : કાંકરિયા ગુજરાતી શાળા નં.૪ માં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને પ્રોગ્રેસ રિપોર્ટ આપવામાં આવ્યા હતા તથા બાળકોની નિયમિત હાજરી, સ્વચ્છતા, આંગણવાડી અને શાળામાં બાળકોના નવા એડમીશન અને સ્કોલરશિપ માટેના ડોક્યુમેન્ટ્સની માહિતી આપવામાં આવી.

ભાઈપુરા સેન્ટર પર વાલી મીટીંગમાં નવા વર્ષમાં બાળકો સાથે વાલીની અસરકારક ભૂમિકા બને, સાથે પ્રભાતની દરેક પ્રવૃતિઓમાં વાલી રસ દાખવે તે બાબત પર ચર્ચા કરવામાં આવી.



**હોમ બેઝ પોગ્રામ** : તીવ્ર દિવ્યાંગતાને લીધે જે બાળકો સેન્ટર સુધી પહોંચી નથી શકતા તેમને હોમબેઝ પોગ્રામ અન્વયે સેવાઓ આપવામાં આવે છે. આ સંદર્ભમાં વટવા અને ભાઈપુરા વિસ્તારમાં હાલ પ્રભાત સાથે જોડાયેલ બાળક અને અન્ડર ઓબ્સર્વેશનના બાળકો એમ મળીને 22 બાળકોની ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા મુલાકાત કરવામાં આવી હતી જેથી બાળકો માટેનું આયોજન થઇ શકે. આ ઉપરાંત, 2 બાળકોનું ફિઝીયોથેરાપી અને 4 બાળકોનું સાઇકોલોજી + સ્પીચ અસેસમેન્ટ કરવામાં આવ્યું છે.

**વોકેશનલ** : પ્રભાત વોકેશનલ યુનિટને વધુ મજબુત કરવાની દિશામાં રચનાત્મક પ્રયોગો કરી રહ્યું છે. બાળકોને તેની ક્ષમતા મુજબ કાર્ય મળી રહે તે દિશામાં વિવિધ કંપની, વ્યક્તિગત સ્તરે સંકલન થઇ રહ્યું છે. આ જ સંદર્ભ માં Allied Refractory Products India Pvt Ltd. ના પ્રતિનિધિ શ્રી દિનેશભાઈ અને શ્રી એરિક પટેલે ભાઈપુરા સેન્ટરની મુલાકાત કરી હતી. પ્રભાત સેન્ટર પર ચાલતી દરેક પ્રવૃતિઓ અને ખાસ કરીને વોકેશનલ યુનિટને તેમણે સમજ્યું હતું.



**મજબુત ભાગીદારી : શાળા પ્રવેશોત્સવ**

પ્રભાત દ્વારા ચાલતા કાંકરિયા ગુજરાતી શાળા નં.૪ માં રિસોર્સરૂમની નોંધ લેવાના અને સહભાગીતા આ જોડાણને વધારે મજબુત બનાવી રહ્યું છે. શાળામાં કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2025 કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાલવાટિકા અને ધોરણ-1 માં પ્રવેશ લીધેલ નાના ભૂલકાઓને પુસ્તકો, દફતર અને એજ્યુકેશનલ કીટનું વિતરણ કરવામાં આવ્યું. પ્રભાત સંસ્થાની કામગીરીને બિરદાવી પુસ્તક સાથે સન્માન પત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાથી પ્રતિનિધિ તરીકે સેજલબેન આનંદ સહભાગી બન્યા હતા. જે અન્વયે શાળાના કાર્યક્રમોમાં પ્રભાતની ભાગીદારી અસરકારક બની રહી છે.



## હિમાયત (એડવોકસી )

### ડોકિયું - મુલાકાત :



અમરાઈવાડી વિસ્તારના ધારાસભ્ય શ્રી ડૉ.હસમુખભાઈ પટેલે તેમના કાર્યકરો સાથે ભાઈપુરા સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમણે પોતાના જન્મદિવસને પ્રભાતના બાળકો સાથે સમય પસાર કરી ‘વિશેષ ‘ બનાવ્યો હતો. અહી તેમણે ટીમ સાથે પ્રભાતની કામગીરીને સમજવાનો પ્રયાસ કર્યો હતો. તથા બાળકો સાથે હળવાશનો સમય પસાર કર્યો.

---

### ઇન્ટર્નશીપ



- ❖ અનંત નેશનલ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ દ્વારા હાલ બે ટીમમાં દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ થઇ રહ્યું છે. જે અન્વયે આદીલ અને ઋત્વિક , વોકેશનલ સાથે સંકળાયેલ પ્રભાત ટીમ અને Norquest Brands ( જ્યાં આદીલ અને ઋત્વિક કાર્ય કરી રહ્યા છે) ના પ્રતિનિધિના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આવતા મહીને બે અદ્ભુત વોકેશનલના બાળકોની દસ્તાવેજી પ્રેરણાદાયી ફિલ્મ આપણે જોઈ શકીશું.

---



- ❖ COMPOSITE REGIONAL CENTER (CRC) સાથે પ્રભાતની ભાગીદારી વિવિધ માધ્યમોને લીધે વધારે મજબુત બની રહી છે. ફરી આ જ ભાગીદારીમાં વધુ એક કાર્યક્રમનો ઉમેરો થયો છે. CRC અન્વયે ચાલતા અભ્યાસક્રમ community based Inclusive Development (CBID) અન્વયે વિદ્યાર્થીઓએ ઇન્ટર્નશીપ માટે પ્રભાતની પસંદગી ઉતારી. આ અન્વયે વ્યક્તિગત અનુભૂતિના માધ્યમથી સંસ્થાના ડાયરેક્ટર શ્રી કેશવ ચેટરજી દ્વારા સમાવેશી પ્રણાલી, સ્પેશયલ એજ્યુકેટરની બાળકના વિકાસમાં ભૂમિકા, સંદર્ભે કાર્યશાળા કરવામાં આવી.



આ ઉપરાંત, હોમ બેઝ કાર્યક્રમ, આંગણવાડી સાથે સમાવેશી કાર્યક્રમ, બ્રેઇલ લીપીની સમજ, સરકારી યોજના અને સમુદાય આધારિત પુનઃવસન સંદર્ભે તેમને એક્સપોઝર મળ્યું. આ ઇન્ટર્નશીપ દ્વારા વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં વ્યવહારિકતાનું ભાથું મળ્યું. આ પ્રકારની ઇન્ટર્નશીપથી પ્રભાતની વિચારધારાને અન્ય સુધી વિસ્તારવા માટે અવસર મળે છે.

---

### નેટવર્કીંગ



**આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિતે બેઠક** : ૧૧ જૂને આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે અપ્રોચ અને ઇન્ટરનેશનલ પ્લે એસોસીએશન ના સંયુક્ત આયોજનથી આ દિવસની ઉજવણીના ભાગરૂપે ‘બેઠક’ નું આયોજન કરવામાં આવ્યું હતું. બાળપણ વધારે સમૃદ્ધ અને સુખાકારી બને તે માટે આપણા શહેરોને કઈ રીતે રમવા માટે અનુકુળ બનાવીએ તે વિષય પર વિચારો મુકવામાં આવ્યા હતા. બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓ, નિષ્ણાંતો સહભાગી રહ્યા હતા. પ્રભાતે પણ આ વિષય પર અને ખાસ કરીને વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકો માટે કઈ રીતે અનુકુળ વાતાવરણ ઉભું થાય તે માટે પોતાના વિચારો રજુ કર્યા હતા.

### પોષણયુક્ત આહાર બાળકના સંપૂર્ણ વિકાસનું અભિન્ન અંગ

પ્રભાતની સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા તેના કાર્યક્રમોમાં સ્પષ્ટ દેખાય છે, જેમાં બાળકો માટે પોષણ યુક્ત આહારને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. જેના ભાગ રૂપે Kraft Heinz India GCC (Rice Against Hunger) દ્વારા પૌષ્ટિક ખીચડી પ્રિમિક્સ પેકેટસ આપવામાં આવેલ છે. જેમાં ચોખા, દાળ, સૂકા શાકભાજી અને સૂક્ષ્મ પોષકતત્ત્વોના પાવડરનું સંતુલિત મિશ્રણ છે, જે બાળકોને સ્વાસ્થ્યના વિકાસ માટે ફાયદાકારક બનશે. પ્રભાત આ સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માને છે. આ ભાગીદારી બાળકોના સુખાકારીને પ્રોત્સાહન આપવામાં અગત્યનું પરિબળ સાબિત થશે.




## ક્ષમતાવર્ધન

### સમૃદ્ધ અનુભવોને વિડીયો દ્વારા કંડારવા માટે  શીખવાનો પ્રયાસ :

આપણી પ્રવૃતિઓ, અનુભવો અને શીખ માત્ર આપણા પુરતા સીમિત ન રહેતા સમુદાય અને અન્ય હિતધારકો સુધી પહોચવા જરૂરી છે. આપણી વાત અસરકારક રીતે અન્ય સુધી પહોચાડી શકીએ તે ઉદેશ્યથી આ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાબત વધુ અસરકારક રીતે પહોચાડી શકીએ, સારી રીતે દસ્તાવેજી કરી શકીએ તે હેતુથી સ્માર્ટ ફોન દ્વારા સ્ટોરી ટેલીંગની ટ્રેનીંગમાં વિડીયોગ્રાફીની તકનીકી માહિતી અને પ્રેક્ટીકલ સેશન દ્વારા પ્રભાત ટીમને અસરકારક વિડીયોગ્રાફીની તાલીમ આપવામાં આવી હતી. Creative Continuum Striving for good art દ્વારા ફેસિલિટેટ કરવામાં આવ્યું હતું.

---

**સિતારે જમીન પર ફિલ્મને ટીમે ઉત્સાહભેર પુર્વક નિહાળી :** ફિલ્મમાં વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોનું ચિત્રણ ટીમનાં હૃદયને સ્પર્શી ગયું. આ આ ફિલ્મમાં સ્વીકૃતિ અને સમાવેશકતાના મહત્વ પર ભાર મુકવામાં આવેલ છે. "સબકા અપના અપના નોર્મલ હૈ" ટેગલાઇન અસરકારક રીતે એ વિચાર વ્યક્ત કરે છે કે દરેક વ્યક્તિનું પોતાનું અનોખું સામાન્ય જીવન હોય છે. પરંતુ આ સાથે ટીમને લાગ્યું કે આ ફિલ્મ સામાજિક સ્વીકૃતિ ,માનસિકતામાં બદલાવ , સામાજિક વલણ સંદભે વધારે ભાર આપવામાં આવ્યો હોત તો હજુ વધારે અસરકારક બની હોત.

## મારી વાત

**પહેલા વરસાદની મોજ**

**ગગનમાં વરસાદ રૂપી હેત વરસે,**

**બાળકો તેને એટલા જ હેત સાથે ઝીલે..**

**વરસાદમાં બાળકને મન ભેર ભીંજાતા જોઈ,**

**આંખોને જાણે ‘ ટાઢક ‘ વળી .**



## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02 ફોર્મ, રેલ્વે પાસ માટેના ફોર્મ -04, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04, ભરવામાં આવ્યા.



**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
**Phone:** +91-79-4890-305